Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# BRICS સમુહ્દેશોમાં જનસંખ્યાના વલણો

## પ્રસ્તાવના:

૨૧મી સદીની શરૂઆતથીજ ભારત વિવિધ ક્ષેત્રે પ્રગતિના પથ પર છે. રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના વલણોમાં સુધારો થઇ રહ્યો છે. ઉત્પાદનના ક્ષેત્રે અગ્રેસર થવા જઈ રહ્યું છે. ખેતિક્ષેત્રે ટેકનોલોજીની તુલનાએ સેવા ક્ષેત્ર અને ઉદ્યોગ ક્ષેત્રમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે અને તમામ સરવાળે ભારત ઝડપથી અર્થિક વિકાસ સાધી રહ્યું છે તેમ કહી શકાય.

અર્થિક વિકાસના એક અગત્યના અને મહત્વના નિર્દેશક તરીકે વસતી પ્રમાણ નો સમાવેશ થાય છે. ભારતની વસ્તી ચીન પછી દુનિયામાં બીજા ક્રમે આવે છે. તેમાં થઇ રહેલા ફેરફારોના અભ્યાસો અલગ અલગ સમાજ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવે છે. અને અલગ અલગ મંતવ્યો પ્રમાણે થોડા વર્ષોમાં ભારત વસ્તીમાં ચીન કરતાં આગળ અને દુનિયામાં પ્રથમ ક્રમે આવશે તેવી આગાહીઓ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આપણા દેશમાં વસ્તીવધારાને અસરકરતા મહત્વના નિર્દેશકો જેવાકે વસ્તિવૃધી દર, જન્મ દર, પ્રજનન દરમાં છેલ્લા થોડાક વર્ષોમાં ઘટાડાનો પ્રમાણ જોવા મળ્યો છે. સાથે સાથે મૃત્યુદર, બાળ મૃત્યુ દર અને અપેક્ષિત આયુષ્ય દરમાં ધીમા દરે હકારાત્મક સુધારો એ બાબત પર ભાર મુકે છે કે ભારતમાં આરોગ્યની સુવિધાઓનો વિકાસ / વિસ્તાર થઇ રહ્યો છે.

## સંશોધન હેતુ:

બ્રિકસ સમૂહદેશોમાં જનસંખ્યા વધારાના વિવિધ નિર્દેશકોના વલણો અને ભવિષ્યના જનસંખ્યા ફેરફારો જાણવા અને સમજવા.

## સંશોધન પદ્ધતિ:

આ લેખમાં વસ્તીવધારાના નિર્દેશકોની આંકડાકીય માહિતી ગૌણ સ્વરૂપે પ્રાપ્ત કરી, કોષ્ટકીકરણ અને વિશ્લેષણ કરેલ છે.

## બ્રિકસ સમુહ્દેશોમાં જનસંખ્યા નિર્દેશકોના વલણો:

વિશ્વમાં ઝડપથી વિકાસ પામતા બ્રિકસ (BRICS- BRAZIL, RUSSIA, INDIA, CHINA, SOUTH AFRICA) સમૂહ દેશોમાં વસ્તીવધારાના નિર્દેશકોમાં જે ફેરફારો જોવા મળ્યા છે તેની અહી વિગતે ચર્ચા કરવાનો પ્રયાસ કર્યો છે.

### બ્રિકસ સમુહમાં વસ્તી વૃદ્ધિ દર

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 1.01 | 1.23 | 1.2 | 1.17 | 1.13 | 1.1 | 0.83 | 0.8 |
| રશિયા | -0.48 | -0.47 | -0.47 | -0.47 | -0.47 | -0.48 | -0.02 | -0.03 |
| ભારત | 1.61 | 1.58 | 1.55 | 1.38 | 1.34 | 1.31 | 1.28 | 1.25 |
| ચીન | 0.61 | 0.63 | 0.66 | 0.49 | 0.49 | 0.48 | 0.46 | 0.44 |
| દ. આફ્રિકા | -0.46 | 0.83 | 0.28 | -0.05 | -0.38 | -0.41 | -0.45 | -0.48 |

Data source: www.google.com/www.indexmundi.com

વસ્તીવધારાનો આધાર વસ્તીવૃધીના દર પર રહેલો છે બ્રિકસ સમૂહ દેશોમાં વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીના ઉપરોક્ત આંકડાઓ જોતા જણાય છે કે દક્ષીણ આફ્રિકા સિવાયના દેશોમાં વસ્તીવૃધી દરમાં ધીમો ઘટાડો જોવા મળે છે અહિ મહત્વની બાબત એ છે કે ચીનની તુલનાએ ભારતનો વસ્તીવૃધી દર ઉચા દરે ઘટી રહ્યો છે.

### બ્રિકસ સમુહમાં જન્મ દર

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 16.3 | 18.72 | 18.43 | 18.11 | 17.79 | 17.48 | 14.97 | 14.72 |
| રશિયા | 10.92 | 11.03 | 11.1 | 11.11 | 11.05 | 10.94 | 12.11 | 11.87 |
| ભારત | 22.69 | 22.62 | 21.76 | 21.34 | 20.97 | 20.60 | 20.24 | 19.86 |
| ચીન | 13.45 | 13.71 | 14 | 12.17 | 12.29 | 12.31 | 12.25 | 12.17 |
| દ. આફ્રિકા | 17.94 | 20.23 | 19.93 | 19.61 | 19.48 | 19.32 | 19.14 | 18.94 |

Data source: www.google.com/www.indexmundi.com

ઉપરોક્ત ૨૦૦૭ થી ૨૦૧૪ ના જન્મદરના આંકડાઓમાં બ્રિકસ સમૂહ પૈકી ભારતમાં જન્મદર સૈથી ઉંચો જોવા મળે છે ૨૦૦૭ પછી જન્મદરમાં થતો ઘટાડો અન્ય દેશોની તુલનાએ ભારતમાં વધારે જોવા મળે છે. ૨૦૦૭ માં ભારતમાં જન્મદર ૨૨.૬૯ થી ઘટી ૨૦૧૪ માં ૧૯.૮૬ નોંધાયું છે. આજ સમયગાળા દરમ્યાન આજ પ્રમાણ ચીનમાં ૧૩.૪૫ થી ૧૨.૧૭, રસિયા ૧૦.૯૨ થી ૧૧.૧૭, બ્રાઝીલ ૧૬.૩૦ થી ૧૪.૭૨ અને દક્ષીણ અફ્રિકા ૧૭.૯૪ થી વધી ૧૮.૯૪ થયેલ છે. ઘટાડાનો દર ભારતમાં સૌથી વધારે છે.

### બ્રિકસ સમુહમાં પ્રજનન દર

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 1.88 | 2.22 | 2.21 | 2.19 | 2.18 | 1.82 | 1.81 | 1.79 |
| રશિયા | 1.39 | 1.4 | 1.41 | 1.41 | 1.42 | 1.61 | 1.61 | 1.61 |
| ભારત | 2.81 | 2.76 | 2.72 | 2.65 | 2.62 | 2.58 | 2.55 | 2.51 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચીન | 1.75 | 1.77 | 1.79 | 1.54 | 1.54 | 1.55 | 1.55 | 1.55 |
| દ. આફ્રિકા | 2.16 | 2.43 | 2.38 | 2.33 | 2.3 | 2.28 | 2.25 | 2.23 |

Data source: www.google.com/www.indexmundi.com

વસ્તીવધારાને અસર કરતુ ત્રીજું મહત્વનું પરિબળ પ્રજનન દર છે. પ્રજનન દર સ્ત્રીની સરેરાશ બાળજન્મ ક્ષમતાનો નિર્દેશ કરે છે બ્રિકસ સમુહમાં ભારતમાં પ્રજનન દર સૌથી વધારે છે અને ૨૦૦૭ પછી તેમાં ઘટાડો જોવા મળે છે. ચીનમાં ૨૦૦૭ માં પ્રજનન દર ૧.૭૫ અને ભારતમાં ૨.૮૧ હતું તેમાં ઘટાડો થઇ ૨૦૧૪ માં ચીનમાં ૦.૨૦ આંક ઘટી ૧.૫૫ તથા ભારતમાં ૦.૩૦ આંક ઘટી ૨.૫૧ નોંધાયેલ છે. આમ ભારતમાં પ્રજનન દર ચીનની સરખામણીએ ઝડપથી ઘટી રહ્યો છે.

ભારત આરોગ્ય ક્ષેત્રે પ્રગતિ કરી રહેલ છે. અંદાજપત્રમાં આરોગ્ય ક્ષેત્ર પાછળ ખર્ચમાં વધારો અને સતત વિસ્તરતી જતી નીવીન ટેકનોલોજીના સહારે રોગોના નિરાકરણનું પ્રમાણ સુધર્યું છે. જેની સીધી અસર મૃત્યુદર, બાળ મૃત્યુદર અને અપેક્ષિત આયુષ્ય દર પર જોવા મળે છે.

**બ્રિકસ સમુહમાં મૃત્યુ દર**

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 6.19 | 6.35 | 6.35 | 6.35 | 6.36 | 6.38 | 6.51 | 6.54 |
| રશિયા | 16.04 | 16.06 | 16.06 | 16.04 | 16.04 | 16.03 | 13.97 | 13.83 |
| ભારત | 6.58 | 6.40 | 6.23 | 7.53 | 7.48 | 7.43 | 7.39 | 7.35 |
| ચીન | 7 | 7.03 | 7.06 | 6.89 | 7.03 | 7.17 | 7.31 | 7.44 |
| દ. આફ્રિકા | 22.45 | 16.94 | 16.99 | 16.99 | 17.09 | 17.23 | 17.36 | 17.49 |

Data source: www.google.com/www.indexmundi.com

બ્રિકસ સમૂહ પૈકી ભારતમાં મૃત્યુદર ચીન, રશિયા અને દક્ષિન આફ્રિકાની સરખામણીએ નીચું તથા બ્રાઝીલની સરખામણીએ ઉચું જોવા મળે છે. ભારતમાં મૃત્યુ દર ૨૦૧૦ માં ૭.૫૩ થી ઘટી ૨૦૧૪ માં ૭.૩૫ નોંધાયેલ છે. જયારે ચીનમાં ધીમા દરે વધારો થઇ રહેલો જોવા મળે છે.

**બ્રિકસ સમુહમાં બાળ મૃત્યુ દર**

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 27.62 | 23.33 | 22.58 | 21.86 | 21.17 | 20.5 | 19.83 | 19.21 |
| રશિયા | 11.06 | 10.81 | 10.56 | 10.32 | 10.08 | 9.88 | 7.19 | 7.08 |
| ભારત | 34.61 | 32.31 | 30.15 | 49.13 | 47.57 | 46.07 | 44.06 | 43.19 |
| ચીન | 22.12 | 21.16 | 20.25 | 16.51 | 16.06 | 15.62 | 15.2 | 14.79 |
| દ. આફ્રિકા | 59.44 | 45.11 | 44.42 | 43.78 | 43.2 | 42.67 | 42.15 | 41.61 |

Data source: www.google.com/www.indexmundi.com

જન્મ સમયે અથવા એક વર્ષથી નીચેની ઉમરે બાળકનું મૃત્યુ એ બાળ મરણ દરનું પ્રમાણ રજુ કરે છે. બ્રિકસ સમૂહ દેશો પૈકી ભારતમાં બાળ મૃત્યુ દર નો પ્રમાણ સૌથી ઉચો છે અને કમનશીબે તેમાં વધારો થતો જાય છે જે ઉપરોક્ત આંકડા દર્શાવે છે.

**બ્રિકસ સમુહમાં અપેક્ષિત આયુષ્ય દર**

| દેશ | 2007 | 2008 | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝીલ | 72.24 | 71.71 | 71.99 | 72.26 | 72.53 | 72.79 | 73.02 | 73.28 |
| રશિયા | 65.87 | 65.94 | 66.03 | 66.16 | 66.29 | 66.46 | 69.85 | 70.16 |
| ભારત | 68.59 | 69.25 | 68.89 | 66.46 | 66.80 | 67.14 | 67.48 | 67.80 |
| ચીન | 72.88 | 73.18 | 73.47 | 74.51 | 74.68 | 74.84 | 74.99 | 75.15 |
| દ. આફ્રિકા | 42.45 | 48.89 | 48.98 | 49.2 | 49.33 | 49.41 | 49.48 | 49.56 |

Data source: www.google.com/www.indexmundi.com

જન્મ સમયે અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ બ્રિકસ સમૂહ પૈકી ભારતમાં દક્ષિણ આફ્રિકા પછી સૌથી નીચું જોવા મળે છે પરંતુ તેમાં ધીમા દરે વધારો થઇ રહ્યો છે ભારતમાં સરેરાશ અપેક્ષિત આયુષ્ય ૨૦૦૭ માં ૬૮.૬૯ વર્ષ હતું તેમાં ઘટાડો થઇ ૨૦૧૪ માં ૬૭.૮૦ થયેલ છે. આજ સમયગાળા દરમ્યાન બ્રાઝીલમાં આ પ્રમાણ ૭૨.૨૪ થી ૭૩.૨૮, રશિયા ૬૫.૮૭થી વધી ૭૦.૧૬, ચીનમાં ૭૨.૮૮ થી વધી ૭૫.૧૫ અને દક્ષિણ આફ્રિકામાં સૌથી નીચું ૪૨.૪૫ થી વધી ૪૯.૫૬ નોંધાયો છે.

**તારણો:**

આ સંસોધન લેખમાં વિશ્વના ઝડપથી વિકાસ પામતા પાંચ દેશો બ્રાઝીલ, રશિયા, ભારત, ચીન અને દક્ષીણ આફ્રિકામાં વસ્તીવધારાના મહત્વના નિર્દેશકોમાં છેલ્લા વર્ષોમાં થયેલ પરિવર્તનો પર અભ્યાસ કરવામાં આવ્યો છે. વસ્તીવૃદ્ધિ દર, જન્મદર, મૃત્યુદર, બાળ મૃત્યુદર અને પ્રજનન દરમાં ઘટાડો થઇ રહ્યો છે તે ઘટાડાનો દર ભારતમાં અન્ય ચાર દેશોની સરખામણીએ ઉંચો અને ઝડપી જોવા મળે છે.

બ્રિકસ સમૂહ દેશોમાં અન્ય દેશોની તુલનાએ ભારતમાં જોવા મળતા વલણો ભવિષ્યમાં ભારતમાં વસ્તીનો પ્રમાણ ઘટી શકે તેવું ચોક્કસ રીતે કહી શકાય.

**સમાપન:**

વસ્તીવૃધીના વિવિધ નિર્દેશકોનો ૨૦૦૭ થી ૨૦૧૪ દરમ્યાનના ૮ વર્ષનો વર્ષવાર અભ્યાસ વિશ્વના ઝડપથી વિકસતા રાષ્ટ્રસમૂહ બ્રિકસ ના સંદર્ભમાં કરવામાં આવેલ છે. વસ્તીના પ્રમાણમાં સંખ્યાત્મક રીતે વધારો કરે તેવા કેટલાક મહત્વના નિર્દેશકો જેવા કે વસ્તીવૃધી દર, જન્મદર અને પ્રજન્દારમાં જે રીતે નકારાત્મક વલણો

જોવા મળે છે અને તેમાં ખાસ કરીને ભારતની સ્થિતિ સમુક પૈકીના બાકીના ચાર કે ઓછામાં ઓછા ત્રણ દેશોની તુલનાએ વધુ સારી નજરે પડે છે. અને આજ હકીકતોને મહત્વની ગણીએ તો આવતા ૨૦/૨૫ વર્ષે ભારત સર્વોચ સત્તા હાસિલ કરે ત્યારે વસ્તી વધારાની સમસ્યા ચોક્કસપણે દુર થાય અથવા નિરાકરણ આવી જવાનું માની શકાય. દેશના આર્થિક વિકાસમાં વસ્તીવધારો અવરોધક છે અને આ આવરોધને દુર કરવા ભારત આગળ વધી રહ્યું છે તેમ નિ:સંકોચ પણે કહી શકાય.

## સંદર્ભ


**I.** Human Development Report 2015, 2016 UNDP

**II.** World Population Data Sheet- 2014, 2015, 2016 Population Reference Bureau

**III.** www.google.co.in

**IV.** www.indexmundi.com


*****************************************************************************************


ડૉ. રણછોડ ગાગલ
આસીસ્ટન્ટ પ્રોફેસર-અર્થશાસ્ત્ર
વળીયા આર્ટસ એન્ડ મહેતા કોમર્સ કોલેજ
વિદ્યાનગર


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat